ગાંધીનગર સમાચાર



# શહેરમાં પૂરબહારમાં ખીલેલી પર્વોની મોસમ

## એક પછી એક આવતા તહેવારો વ્રત-ઉપવાસના કારણે ધાર્મિક વાતાવરણ છવાયું : ધાર્મિક પ્રવાસોમાં વૃદ્ધિ

ગાંધીનગર, તા. ૩

શ્રાવણ માસના ઉપવાસની સાથે સાથે તહેવારોની મોસમ ખીલી છે. નાગ પાંચમથી શરૂ થયેલા તહેવારો નોમ એટલે કે પારણા સુધી ચાલશે. આખુ અઠવાડિયું નાના-મોટા તહેવારોનું હોઈ સમગ્ર વાતાવરણ જાણે ધાર્મિકતાના રંગે રંગાઈ ગયું છે. જન્માષ્ટમી બાદ પણ ગણેશચતુર્થી, સંવત્સરી જેવા તહેવારો આવતા હોઈ ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.



શ્રાવણ માસના પ્રારંભથી જ જાણે ઉત્સવોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઘણા બધા ધાર્મિક તહેવારો અને વ્રતો આ દિવસો દરમ્યાન જ આવતા હોઈ સમગ્ર વાતાવરણ જાણે ધાર્મિકતાના રંગે રંગાઈ ગયું છે. એમાંય ચાલુ સપ્તાહમાં તો સાતમ-આઠમ જેવા મોટા તહેવારો આવતા હોઈ પૂજાની સામગ્રી તથા અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરવા માટે બજારોમાં ભીડ જોવા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સાતમ આઠમના તહેવારમાં ગાંધીનગર ડેપોની ૩૦ બસો સૌરાષ્ટ્ર અને બરોડા રૂટમાં દોડશે

ગાંધીનગર તા ૩

આગામી સાતમ આઠમના પર્વમાં મુસાફરોને સમયસર બસ સુવિધા ઉપલબ્ધ થાય તે માટે ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા ૩૦ જેટલી બસોનુ સંચાલન અમદાવાદ ડિવિઝનને સોંપવામાં આવ્યુ છે. સાતમ આઠમમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં વિશેષ ટ્રાફિક રહેતો હોવાથી ડેપો કક્ષાએથી બસ સેવાની જરૂરીયાતને પહોંચી વળવા માટે બસો ફાળવવામાં આવી છે.

સાતમ આઠમના તહેવારોમાં વિશેષ ભીડ ભાડ રહેતી હોવાથી એસ ટી બસોમાં પણ ભારે ટ્રાફિક જોવા મળે છે. જેને અનુલક્ષી મુસાફરોને સમયસર બસસેવા ઉપલબ્ધ થાય તે માટે એસ ટી નિગમ દ્વારા પ્રતિવર્ષ વિશેષ બસો દોડાવામાં આવે છે.

અમદાવાદ એસ ટી નિગમ દ્વારા પણ વિશેષ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સૌરાષ્ટ્ર અને બરોડા વિસ્તાર માટે વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. અમદાવાદ ડિવિઝનલ કચેરી દ્વારા વધારાની બસો દોડાવવામાં આવશે. જયારે આ માટે ગાંધીનગર ડેપો દ્વારા પણ વધારાની ૩૦ જેટલી બસો ફાળવવામાં આવી છે.

જયારે રજાના દિવસો દરમિયાન સચિવાલય પોઈન્ટની બસ સેવાઓ પણ બંધ રહેવાની હોવાથી ડેપો દ્વારા આ બસો અમદાવાદના વિશેષ રૂટો માટે ફાળવવામાં આવી છે. જેના પરિણામે બહારગામ જતા મુસાફરોને ઝડપી અને સમયસર બસસેવા ઉપલબ્ધ થઈ શકે અમદાવાદ ડિવિઝન કચેરી દ્વારા સાતમ આઠમના તહેવારને અનુલક્ષી રૂટોની જરૂરીયાત મુજબ બસ સેવા વધારવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

# આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા

## કોંગ્રેસ દ્વારા આક્રમક વલણ અખત્યાર કરવામાં આવે તેવા મળતા સંકેતો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળનારી સામાન્ય સભા પણ તોફાની બની રહે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થયા છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આ બેઠકમાં સત્તાધારી ભાજપને ઘેરવાની વ્યુહરચના તૈયાર કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. કોંગ્રેસ પક્ષ આ બેઠકમાં ભ્રષ્ટાચારના મુદ્દે ભાજપ પર તડાપીટ બોલાવે તેવી શક્યતાના નિર્દેશો કોંગ્રેસના આંતરિક સૂત્રોમાંથી મળી રહ્યા છે.

શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષ સ્થાને મળનારી આ ખાસ સામાન્ય સભામાં આમ તો કોઈ મહત્વના મુદ્દાઓ છે નહિ. આ બેઠકમાં વિકાસના કામોને અગ્રતા આપવામાં આવી છે.

પંચાયત હસ્તકના ૨૭ જેટલા આરોગ્ય કેન્દ્રોને ડિમોલેશન કરી નવા બનાવવા માટેની દરખાસ્તનો પણ આમાં સમાવેશ થાય છે.

આ ઉપરાંત મહિલા શક્તિ એવોર્ડ, સમારોહ, પંચાયત પદાધિકારીઓના સન્માન સમારોહ તેમજ ધ્વજવંદન સમારોહ પાછળ થયેલ ખર્ચ અને વધારાના ખર્ચને સ્વભંડોળમાંથી કરવા માટેની મંજૂરી આપવાની બાબત પણ છે.

સભ્યોના વિસ્તાર વિકાસ માટેના કામો માટે વધારવામાં આવેલી રકમની જોગવાઈ પૂરક બજેટમાં કરવા, પંચાયતમાં નવી તિજોરી ખરીદવા સહિતની બાબતોનો પણ એજન્ડામાં સમાવેશ કરાયો છે.

આ ટર્મની આ છેલ્લી સામાન્ય સભા છે અને તે પણ ખાસ સામાન્ય સભા હોવાથી બધા સભ્યો વિકાસને જ અગ્રતા આપશે તેમ મનાઈ રહ્યું છે.



ગાંધીનગર શહેરમાં વૃક્ષોનુ સમયસર ટ્રીમીંગ ન થતા શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક રસ્તાઓ પર અનેક અડચણો ઉભી થઈ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. લાંબા સમયથી વૃક્ષોનુ ટ્રમીંગ ન થયુ હોવાથી શહેરીજનોમાં પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી. આખરે વન વિભાગ અને મનપા દ્વારા ટ્રીમીંગની કામગીરી શરૂ કરી દીધી છે. નગરના ચ-માર્ગ પર આજે વૃક્ષોનુ ટ્રીમીગ શરૂ કરી દેવામાં આવ્યુ છે. શહેરીજનોને નડતરરૂપ થતી નમી પડેલી વૃક્ષોની ડાળીઓ દુર કરાશે.

# ગુડા દ્વારા આગામી સપ્તાહે શુભ લાભના આવાસોનો કબજો સોપવામાં આવશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સપ્ટેમ્બર મહિનાના બીજા સપ્તાહમાં શુભ લાભ આવાસ યોજનાના ૪૦૦ જેટલા લાભાર્થીઓને મકાનનો કબજો સોંપી દેવામાં આવશે. જયારે બીજા તબક્કામાં અન્ય લાભાર્થીઓને પણ મકાનો આપી દેવાશે. જો કે બીજા તબક્કામાં ફાળવતા હજુ ત્રણ મહીના જેટલો સમય લાગે તેવી સંભાવના છે.

ગુડા દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે રાયસણ, ચિલોડા તેમજ અડાલજમાં શુભ લાભ આવાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. જયારે આ આવાસ યોજના અન્વયે ગુડા દ્વારા ૧૧૪૦ જેટલા આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. જયારે આ પૈકી મોટાભાગના આવાસાનુ કામ પૂર્ણ કરી દેવાયુ છે. જયારે અન્ય આવાસોનુ કામ પણ અંતિમ તબક્કામાં છે. ગુડા દ્વારા લાભાર્થીઓને ડ્રોની પ્રક્રીયાના અંતે

**પ્રથમ તબક્કા બાદ બે મહિનાના અંતે બાકીના લાભાર્થીઓને પણ આવાસોનો કબજો સોંપી દેવાશે- નવી યોજના માટે પોશ વિસ્તારમાં સાઈટ નક્કી**

● અનુસંધાન પાન-૭ પર

# ખિલખિલાટ વાન દ્વારા ૩ વર્ષમાં ૧૪૧૮૫ ડ્રોપબેક કોલમાં સેવા પુરી પાડવામાં આવી

ગાંધીનગર તા ૩

પ્રસુતિ બાદ માતા અને બાળકને ઘર સુધી પહોંચાડવાની સેવા પુરી પાડવા માટે શરૂ થયેલી ખિલખિલાટ વાને છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લામાં ૧૪૧૮૫ જેટલા ડ્રોપબેક કોલમાં સેવા પુરી પાડી છે. જયારે સમગ્ર રાજયમાં આ વાન દ્વારા ૪,૩૪,૯૭૬ જેટલા ડ્રોપકોલમાં સેવા આપવામાં આવી છે.

સમગ્ર રાજયમાં ૧૦૮ની આવશ્યક સેવા સાથે છેલ્લા ત્રણ વર્ષથી ખિલખિલાટ વાન પણ શરૂ કરવામાં આવી છે. સરકાર દ્વારા તા ૪ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૨ના રોજ ખિલખિલાટ વાન શરૂ કરવામાં આવી હતી. સગર્ભા માતાને પ્રસુતિ બાદ બાળક સાથે ઘરે પરત પહોચાડવાની સેવા શરૂ કરવામાં આવી હતી.સુત્રોમાંથી પ્રાપ્ય થતી માહીતી અનુસાર છેલ્લા ત્રણ વર્ષમાં ખિલખિલાટ વાન દ્વારા રાજયમાં ૪,૩૪,૯૭૬ જેટલા કોલ અન્વયે સેવા પુરી પાડી બાળક તેમજ માતાને ઘર સુધી પહોંચાડવામાં આવ્યા છે.જયારે ગાંધીનગર જિલ્લામાં પણ ખિલખિલાટ વાને ૧૪૧૮૫ માતાઓને બાળક સાથે ઘરે પહોચાડવાની સેવા પુરી પાડવામાં આવી છે.



**થડ હટાવવાનું અભિયાન** - શહેરના માર્ગો પર વૃક્ષો ધરાશાયી થયા બાદ કેટલાકના મૂળ સાથેના થડીયા નડતરરૂપ બનતા હતા. આ મૂળ સાથેના થડ હટાવવાની કામગીરી વન વિભાગ દ્વારા આરંભાઈ છે... માર્ગો પરના અવરોધો દૂર કરી વાહન વ્યવહારને સરળ બનાવવાની દિશામાં કામગીરી ચાલુ છે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# સાત નાયબ મામલતદારને બઢતી બે ની બદલી : ચાર નવા મામલતદાર આવ્યા

## કલેક્ટર કચેરીમાં જનસંપર્ક અધિકારીની જગ્યા નવી ઉભી કરાઈ : દહેગામની જગ્યા ભરાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના મામલતદાર સંવર્ગના ચાર અધિકારીઓની બદલી કરાઈ છે, જ્યારે સાત નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે.

રાજ્યના મહેસુલ વિભાગે આજે ૯૨ મામલતદારોની બદલી કરતા તેમજ ૧૫૧ નાયબ મામલતદારોને મામલતદાર સંવર્ગમાં બઢતી આપતા હુકમો જારી કર્યા છે જેમાં જિલ્લાના આ અધિકારીઓનો સમાવેશ થાય છે.

જિલ્લા કલેક્ટરમાં નાયબ મામલતદારોને એક સાથે બઢતી મળવાથી ખુશીનો માહોલ જોવા મળતો હતો. છેલ્લા એક વર્ષથી બઢતી માટેની કવાયત તંત્રમાં ચાલતી હતી. કાનૂની લડાઈમાં ગઈકાલે વડી અદાલતે મનાઈ હુકમ ઉઠાવી લેતાં આખરે આજે વિભાગે મહેસુલી તંત્રમાં બદલીનો સૌથી મોટો ઓર્ડર જારી કર્યો છે.

આજે કરાયેલા હુકમોમાં કલેક્ટર કચેરી ખાતે જનસંપર્ક અધિકારીની નવી જગ્યા ઉભી કરવામાં આવી છે. જ્યારે જમીન ફાળવણીની જગ્યા ખાલી રાખવામાં આવી છે. દહેગામની ખાલી પડેલી મામલતદારની જગ્યા આજના હુકમમાં ભરી દેવામાં આવી છે.સાત નાયબ મામલતદારોની બઢતીથી બદલી થતાં હવે આગામી દિવસોમાં જિલ્લા કલેક્ટર કચેરીમાં પણ બદલીનો દોર આગામી દિવસોમાં આવશે. જો કે પર્વો પછી આ બદલીઓ કરાશે તેમ પણ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

**બદલી પામેલા મામલતદાર**

| | | |
|---|---|---|
| એસ.એમ. ભોઈ | મામલતદાર માલપુર | જનસંપર્ક અધિકારી કલેક્ટર કચેરી, ગાંધીનગર |
| જે.ટી. મકવાણા | મામલતદાર સાંતલપુર | મામલતદાર-દબાણ કલેક્ટર કચેરી |
| વી.પી. પટ્ટણી | મામલતદાર માણસા | મામલતદાર અમદાવાદ મણીનગર |
| કીરીટ જેઠવા | મામલતદાર જમીન ફાળવણી | મામલતદાર માણસા |

**બઢતી પામેલ નાયબ મામલતદારો**

| | | |
|---|---|---|
| કે.એ. પટેલ | ના. મામલતદાર ગાંધીનગર | મામલતદાર બિનખેતી સુરત |
| ડી.પી. વણકર | ના. મામલતદાર ગાંધીનગર | મામલતદાર વિજાપુર |
| સી.કે. પાંડોર | ના. મામલતદાર ગાંધીનગર | મામલતદાર વાલોડ |
| શ્રીમતિ જે.એન. શાહ | ના. મામલતદાર ગાંધીનગર | મામલતદાર માલપુર |
| આર.એમ. દત્તાણી | ના. મામલતદાર ગાંધીનગર | મામલતદાર વિસનગર |
| એસ.જે. રબારી | ના. મામલતદાર ગાંધીનગર | મામલતદાર કતાર ગામ સુરત શહેર |
| જે.કે. રામી | ના. મામલતદાર ગાંધીનગર | મામલતદાર ડીઝાસ્ટર કલેક્ટર કચેરી, જુનાગઢ |

**નવા આવ્યા**

| | | |
|---|---|---|
| એસ.એમ. પટેલ | નાયબ મામલતદાર સુરેન્દ્રનગર | મામલતદાર કૃષિપંચ માણસા |
| કે.ટી. મેણાત | નાયબ મામલતદાર અમદાવાદ | મામલતદાર દહેગામ |

# જિલ્લાના ૧૨ શ્રેષ્ઠ શિક્ષકો જાહેર

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા જિલ્લાના ૧૨ શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ૬ શિક્ષિકાઓ અને ૬ શિક્ષકોનો સમાવેશ થાય છે. જી.સી.ઈ.આર.ટી.ના સભાખંડમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીના પટેલના અધ્યક્ષપદે આ શિક્ષકોને સન્માનિત કરી સન્માનપત્ર આપવામાં આવશે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામનાર શિક્ષકને રૂ. ૧૧ હજાર તેમજ જિલ્લાકક્ષાએ પસંદગી પામનારને રૂ. ૨૧ હજારનું પારિતોષિક એનાયત કરાશે.

**જિલ્લાકક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો**

| શિક્ષકનું નામ | હોદો | તાલુકો |
|---|---|---|
| ભાટી જશવંતસિંહ ઈશ્વરસિહ | પ્રાથમિક શિક્ષક લીંબોદ્રા પ્રા.કુમાર શાળા | કલોલ |
| ચૌધરી સવિતાબેન મોંઘજીભાઈ | પ્રાથમિક શિક્ષક હનુમાનપુરા (સમૌ) પ્રા. શાળા | માણસા |
| વિહોલ મુકેશકુમાર રામાજી | મ. શિક્ષક શ્રી આઈ.એસ.ચાવડા હાઈસ્કૂલ, બિલોદરા | માણસા |
| પરમાર સંજયભાઈ બબાભાઈ | કેળવણી નિરીક્ષક રાંધેજા બીટ | ગાંધીનગર |

**તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો**

| તાલુકાનું નામ | શિક્ષકનું નામ | શાળા |
|---|---|---|
| ગાંધીનગર | પટેલ કુસુમબેન અંબાલાલ | તારાપુર પ્રા. શાળા |
| | પટેલ મુકેશકુમાર ધીરૂભાઈ | ટીંટોડા પ્રા. શાળા |
| દહેગામ | પટેલ અલકાબેન બળદેવભાઈ | રામજીના છાપરા, પ્રા. શાળા |
| | દરંગા વિનોદભાઈ જીવાજી | રબારીની મુવાડી, પ્રા. શાળા |
| કલોલ | ગાંધી પ્રીતિબેન રૂપચંદ | કલોલ પ્રા. શાળા નં. ૯ |
| | પંડ્યા મિતલબેન સુમનચંદ્ર | બિલેશ્વરપુરા પ્રા. શાળા |
| માણસા | જણસારી સંજયકુમાર ભગાભાઈ | અનોડીયા ડોડીપાર પ્રા. શાળા-૨ |
| | યાજ્ઞિક પ્રતિમાબેન ઈન્દુલાલ | વલ્લભનગર પ્રા. શાળા |

# જાહેર ચેતવણી

આથી અમો જગદીશચંદ્ર જે. સોલંકી, એડવોકેટ તે અમારા અસીલશ્રી રજુજી બબાજી ગોલ રહે. પ્લોટ નં. ૨૦૨/૧, સુર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગરનાઓની સુચના અને ફરમાઈશથી આ જાહેર જનતા જોગ આ ચેતવણી આપી જણાવવાનું કે..., અમારા અસીલના પુત્ર નામે ઈન્દ્રસિંહ રજુજી ગોલ કે જેઓ હાલ અમારા અસલીને સાથે રહેતા ના હોઈ ગાંધીનગર મુકામે રહે છે. તેમજ અમારા અસલીની કોઈપણ પ્રકારની દરકાર કે દેખભાળ રાખતા નથી તેમજ અમારા અસીલના કુટુંબ સાથે સામાજીક રીત રસમથી રહેવું જોઈએ તેમ રહેતા ના હોઈ તેમજ અમારા અસીલના કહ્યામાં રહ્યા નથી. અને તેવા કારણસર અમારા અસીલે તેઓની સ્થાવર તેમજ જંગમ મિલકતોમાંથી ઈન્દ્રસિંહ રજુજી ગોલને બેદખલ કરેલ છે. જેથી અમારા અસીલના પુત્ર નામે ઈન્દ્રસિંહ રજુજી ગોલ ને અગાઉ અનેક નાણાકીય વ્યવહારો ત્રાહિતો સાથે અમારા અસીલની જાણ બહાર કરેલ છે અને હાલમાં પણ તેઓ આવા પ્રકારના વ્યવહારો અમારા અસલીની જાણ બહાર કરતા આવેલ છે તેથી જાહેર જનતા જોગ અને લાગતા વળગતાઓને આ ચેતવણી આપી જણાવવાનું કે, આ અંગેની વ્યક્તિગત જવાબદારી અમારા અસીલની નથી. અને હવે પછી કોઈપણ સંસ્થા, બેંક, પેઢી તેમજ અન્યોએ કોઈપણ જાતના નાણાકીય વ્યવહારો કે અન્ય વ્યવહારો અમારા અસીલના પુત્ર સાથે કરવા નહીં અને કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી વ્યવહાર કરનારની પોતાની રહેશે તેની સ્પષ્ટ નોંધ લેશો.

**સ્થળ : ગાંધીનગર**
**તા. ૩/૯/૨૦૧૫**

**મારી સુચનાથી અસલીની સહી**
**સહી/-**
**રજુજી બબાજી ગોલ**

**મારી મારફતે**
**સહી/-**
**જગદીશચંદ્ર જે. સોલંકી**
**એડવોકેટ**
**એમ-૬/૬૧, સરદાર પટેલ હાઉસીંગ કોલોની, સેક્ટર-૧૪, ગાંધીનગર**
**મો. ૯૮૨૫૯ ૨૦૫૦૪**

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
Kisan
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com